No Pages to Display

સંપાદકો : ગિજુભાઈ અને તા

# રોજનીશી

: લેખક :

ગિજુભાઈ

શારદા મંદિર
અમદાવાદ-૭
૧૭૦
બાલમંદિર

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

મુદ્રણ પાંચમું : જાન્યુઆરી ૧૯૬૬

મૂલ્ય : પચાસ પૈસા

[ ૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦ ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

શ્રી દક્ષિણામૂર્તિ બાલગ્રંથાવલિ
▽
પુસ્તક ૫૨ મું

# રોજનીશી

: ૧ :

૧ : ૨ : ૨૮

બોટ ઊપડ્યાને એક કલાક વીતી ગયો.

આ પેલો મારા દેશનો કિનારો, હિંદુસ્તાનનો કિનારો, વહાલા દેશનો કિનારો. માતૃભૂમિ ! તને નમસ્કાર, નમસ્કાર, નમસ્કાર !

પેલાં ભાઈભાંડુઓ ને દોસ્તબિરાદરો સૌ ઘેર ગયાં હશે. તેમની આંખમાં આંસુ હતાં. ક્યાંઈ સુધી તેમણે હાથ ને રૂમાલો હલાવ્યા હતા. છૂટા પડવું કેટલું બધું આકરું છે ? મારી આંખો હજી યે ટપકે છે.

---

રોજનીશી=ડાયરી; હંમેશની લખી લીધેલી નોંધ

: ૨ :

૨ : ૨ : ૨૮

ઊઠીને જોઉં છું તો ચારે કોર પાણી, પાણી ને પાણી! કિનારો, જમીન ને મોટા બુરજો, બધાં ક્યાં ગયાં? ઉપર આકાશ ને નીચે પાણી : અફાટ સાગર! એના ઉપર આ અમારી આગબોટ, જાણે સાગરની સુંદરી ચાલી! તરંગે તરંગે થનગન થનગન નાચે છે. ચારે તરફ અદ્‌ભૂત પ્રભુકૃતિ-સાગર ને આકાશ! વચ્ચે આ અદ્‌ભુત માનવકૃતિ-જળ ઉપરની દેવી!

: ૩ :

૩ : ૨ : ૨૮

આગબોટમાં પાણી ન લાગે તે માટે લીંબુનો ઉપયોગ સારો છે. હું તો રોજ બેત્રણ લીંબુ લઉં છું. મેં કિનારેથી લીંબુ સારી સંખ્યામાં મારી સાથે લઈ લીધાં છે.

ખાવાનું બે દિવસ ન ભાવ્યું. દરિયાની આ પહેલી સફર છે. પણ હવે તો શાક અને પૂરી ટટકાવું છું. ત્રણ ત્રણ વાર ભૂખ લાગે

પ્રભુકૃતિ=ઈશ્વરની બનાવટ   ટટકાવું=મજેથી ખાવું

છે. ખાઈએ તેટલું પચી જાય છે. આ મારો જોડીદાર વળી ચાર વખત ઝાપટે છે. કોણ જાણે બેચાર દિવસમાં છ વાર ન ખાય તો ! અને જામતો જાય છે. વાત એમ છે કે એ મુસાફરીનો ટેવાયેલો છે. આ ત્રીજી વારનો પરદેશ જાય છે.

* * *

અમારી સ્ટીમરનું નામ 'સોમાલી' છે. પેલી ગઈ કાલે સામે મળી હતી તેનું નામ 'યુગાન્ડા' હતું. કહે છે કે કાલે 'મસાઈ' મળશે. છે પણ કાંઈ વિચિત્ર નામો ? પણ એ તો એમ જ હોય ને ? આ તો આફ્રિકાને રસ્તે છીએ. સોમાલી લોકો, યુગાન્ડાનો દેશ, મસાઈ લોકો, એ બધાં ત્યાંનાં જ તો ! યુરોપને રસ્તે વળી બીજાં નામ મળત : બર્કનહેડ, આઈસ્લૅન્ડ, કમ્બરલૅન્ડ અને વિલ્સન જેવાં.

અમારી આગબોટ મોટું બારકસ છે. તે હિંદુસ્તાન અને આફ્રિકા વચ્ચે ફરે છે. પહેલું બંદર મોમ્બાસા કરશે. ત્યાંથી જંગ-

સ્ટીમર=આગબોટ બારકસ=મોટું જહાજ

બાર. ત્યાંથી દારેસલામ, ત્યાંથી ડેલગોઆબે, ત્યાંથી ડરબન અને ત્યાંથી ધીમે ધીમે ઠેઠ કેપટાઉન જશે. કોઈ કોઈ સ્ટીમરો તો ઠેઠ મુંબઈથી ડરબન સીધી જાય છે.

* * *

કહે છે કે આગબોટની ખરી મજા ચાર-પાંચ દિવસ ગયા પછી આવે છે. ભૂખ ખૂબ લાગે છે. પછી ફેર પણ નથી આવતા એટલે ચારેકોર ફરવાની ગમ્મત પડે છે. મને તો આજે પણ હવે ફાવી ગયું છે.

સ્ટીમરનો રોજનો કાર્યક્રમ આવો છે. સવારે સ્ટીમર આખી વળાય છે ને ત્યાર પછી ધોવાય છે. ધોવાવી જ જોઈએ; નહિતર સ્ટીમર પર રોગ ફાટી નીકળે. અને આપણી દેશી લોકોની રહેણીકરણી પણ એવી છે કે ચારેકોર ગંદુ ગંદુ થઈ રહે છે. કેળાંની છાલો, ભાતું ને જે આવ્યું તે સૌ ત્યાં જ ફેંકે છે. અરે, જ્યાં ત્યાં થૂંકતાં પણ કોઈને શરમ થતી નથી!

---

કાર્યક્રમ=ગોઠવેલું કામકાજ

: ૪ :

૪ : ૨ : ૨૮

આજનો સૂર્યોદય ભવ્ય હતો. ડુંગરા પાછળથી ઊગતો સૂર્ય જોયો હતો; વાદળાંમાંથી ઊગતો સૂર્ય પણ ભાળ્યો હતો. પણ આજે તો સવિતા ભગવાનને સાગરમાંથી ઉપર આવતા જોયા. જાણે નાહી ધોઈને ટપકતા ટપકતા બહાર આવતા હતા! જાણે સાગરે સૃષ્ટિને એક ભેટ ધરી! જાણે પાતાળેથી કોઇ તપસ્વી પ્રગટ્યા! ભવ્ય હતા, પ્રચંડ હતા, તેજસ્વી હતા. હવેથી હું રોજ વહેલો ઊઠીને ડેક ઉપર જઈશ ને એ અદ્‌ભુત દર્શન વારંવાર કરીશ. વહેલા ઉઠાડવાનું હું મારા સાથીઓને કહી રાખીશ.

* * *

આજે આગબોટ શરૂ કર્યાનો દિવસ છે: આગબોટની જન્મતિથિ. 'સોમાલી'ને ખૂબ

સવિતા = સૂર્ય

ડેક = તૂતક; વહાણ કે આગબોટ ઉપરનો ફરવાનો ખુલ્લો [ભાગ

શણુગારી છે. તમામ દોરડાં ઉપર રંગબેરંગી કપડાંનાં તોરણો ઊડે છે. અને આજે ખાસ નવો વાવટો ફરફરે છે. આગબોટના અમલદારો આજે ઉત્સાહમાં અને આનંદમાં ફરે છે. 'સોમાલી'ને આજે બારમું વર્ષ બેઠું. પૂર દમામમાં દરિયા પર 'સોમાલી' ધસી જાય છે.

: ૫ :

૫ : ૨ : ૨૮

શાંતિલાલની તબિયત બે દિવસથી સારી નથી. એ બહુ પોચા છે; જરાક તાવમાથું આવે તો રડી પડે છે. આવડા મોટા છે છતાં "એ બાં! એ બાપા!" કહીને બૂમો પાડે છે. આવા બિચારા પરદેશ ક્યાં નીકળતા હશે?

દાક્તર કહે છે: "ફીકર ચિંતા છે જ નહિ. એ તો દરિયાની માંદગી છે; બે જ દિવસમાં આરામ થઈ જશે."

પણ શાંતિલાલ તો કહે છે: "મારે પાછા જવું છે. આ પેલી સામેની સ્ટીમરને ઊભી રખાવી મને એમાં મોકલી દો!"

ત્રીશ વરસનો મરદ કેવી વાત કરે છે? પણ

મારે એને સાચવવા પડે છે. કહું છું: "હ્યો, કપ્તાનને મળું છું; બંદોબસ્ત કરૂં છું." પણ કિનારે ગયા પછી જો એની ગમ્મત ઉડાવું તે!

કપ્તાન ભલો ગૃહસ્થ છે. તે અમારી સાથે ભળેહળે છે, ગઈ કાલે મને એણે ચાનું આમંત્રણ આપ્યું હતું.

મેં એને શાંતિલાલની માગણીની વાત કરી ત્યારે તે ખડ ખડ હસી પડ્યો. મને કહે: "બતાવો તો એ શાંતિલાલને?" હું એને અમારી જગાએ લઈ ગયો ને શાંતિલાલને બતાવ્યા.

કપ્તાન શાંતિલાલને કહે: "દેખો, અભી જો જહાજ નિકલેગા, ઉસમેં તુમ કો બિઠાઉંગા."

પણ તે વખતે તો શાંતિલાલની અક્કલ ઠેકાણે આવી હતી એટલે એ પણ હસવા લાગ્યા ને કપ્તાનને રામરામ કર્યા ને કહ્યું: "થેંક્સ, થેંક્સ, કૅપ્ટન સાહેબ! (કપ્તાન સાહેબ! તમારો ઉપકાર થયો.)"

કપ્તાન=આગબોટના બધા ખલાસીઓનો ઉપરી; નાખુદો.

*　　　*　　　*

આફ્રિકામાં આપણા પૈસાને બદલે સેન્ટ ચાલે છે; એક આનાના છ. આજે મેં એક ભાઈ પાસે જોયા. એની એક ખૂબી તરફ મારું ખાસ ધ્યાન ખેંચાયું. દરેક સિક્કાની વચ્ચે કાણું છે. જંગલી લોકો દોરીમાં બાંધીને સાચવી શકે તે માટે હશે!

*　　　*　　　*

ગઈ કાલે રાત્રે આફ્રિકાના જાણકાર હિંદી ભાઈઓ સાથે વાતો ચાલી હતી. તેઓ કહે છે, આફ્રિકાના લોકોનો નાચ જોવા જેવો છે. તેઓ તેને ગોમો કહે છે. મને તો અત્યારથી એ જોવાનું મન થ ુ ં છે.

*　　　*　　　*

આજે મને ગમતું નથી. મને ઘર સાંભરે છે. મને થાય છે કે આટલા જ દિવસોમાં હું ગભરાઉં છું તો આફ્રિકામાં જઈને શી રીતે રહીશ? છતાં આજે તો કાંઈ જ ગમતું નથી. આજે ખાવું પણ ને ભાવ્યું. પડ્યો છું ક્યારનો. વાંચવું પણ ગમતું નથી. કશી નોંધ લેવી ય

ગમતી નથી. હજામત કરવી પણ નથી ગમતી. દરિયો ખરાબ લાગે છે; આગબોટનું ભૂંગળું ભૂખ જેવું લાગે છે!

* * *

મિ. ત્રિવેદી મારા મિત્ર થયા છે. તેઓ બે દિવસથી જરા અસ્વસ્થ છે. આજે તેમને હિંગાષ્ટક આપવાથી ઠીક છે. દાકતરની દવા લેવાની તેઓ ના પાડે છે.

પેલી ધોબણની સ્થિતિ દયાજનક છે. ધોબીએ એને દેશમાંથી તેડાવી છે. આવનારો સાથી સ્ટીમર ચૂકી ગયો ને એ બિચારી ચાલી નીકળી. પણ હરકત નહિ. અમે એને કાલથી અમારી સાથે રાખવાના છીએ. એના ખાવા-પીવાની સારવાર પણ અમે જ કરશું. એમ એને નિરાધાર કેમ મુકાય?

* * *

મને આજે જ ખબર પડે છે કે અમારી સાથે આપણા દેશનો એક વાદી છે. ઓત્-તારીની! આપણા લોકો પણ જબરા. આફ્રિકામાં સાપ કાઢવા જાય છે. આજે સ્ટીમર

પર તે ખેલ કરવા બેઠો હતો પણ કપ્તાને તેને અટકાવ્યો.

* * *

આજકાલ બપોરનો ક્રમ નોંધવા જેવો છે. મિત્રો ઘણા થયા છે ને બધા એવા જાત-જાતના છે કે સામાન્ય ધંધો એક જ પરવડે. તે કયો વારુ? શેતરંજનો ને બિઝીકનો!

છતાં તેમાં યે કોઈ કોઈ ટીચકું ચડાવીને ફર્યા કરે છે ને રમતગમતથી અળગા રહે છે. છો તેઓ રહેતા! આમ તો જોકે બધા ભલા માણસો છે.

પણ એમ રમતોમાં તે આપણા જેવાનો કેટલો વખત જાય? સારું થયું કે હું એકબે નવલકથાઓ લાવ્યો છું. મુસાફરીના એ સારા મિત્રો છે.

* * *

આપણા સુતારભાઈઓ ભાતું ખાય છે ને ડબ્બામાં લાવેલું પાણી પીએ છે. મને થાય છે કે આટલો પરદેશ ખેડવો છે તો શા માટે હેરાન થાય છે? અને વાત તો એમ બને

છે કે આ લોકો થોડા જ દિવસમાં ખારવાની ખીચડી ખાતા થઈ જશે!

લવજી મિસ્ત્રીને ઝાડા થયા છે. બે દિવસથી સ્ટીમરનો દાકતર દવા આપે છે. ભલા મિસ્ત્રીએ હવે ભાતું છોડી દઈને ખારવાની ખીચડી ખાવાનું સ્વીકાર્યું છે.

આગબોટ પર પણ જાતજાતના, પ્રાંતોના અને પરદેશના વાડાઓ જોઈ આશ્ચર્ય થાય છે. કેટલાક લોકો આગબોટમાં પોતાની જગા વાળનાર ભંગીથી ન અભડાય માટે તરીને ચાલે છે. કેટલાકને ખબર પણ નથી પડતી કે વાળનાર ભંગી હશે કે કોઈ બીજો!

આ આગબોટમાં મોટો ભાગ વેપારીઓ, કારીગરો અને કારકુનોનો છે. એક માસ્તર છે, એક જમીનદાર છે ને બીજા પરચુરણિયા છે. મજૂરો તો ઘણા જ છે. આફ્રિકા આપણા લોકોથી વસેલો છે ખરો, પણ તે આવા મધ્યમ વર્ગના લોકોથી. મને લાગે છે કે આપણા ઊંચા વર્ગના લોકોએ પણ ત્યાં જઈ વસવું જોઈએ.

* * *

આજકાલ રાત્રે ભજન જામે છે. એક બાવાજી પણ સાથે છે. આપણા દેશના બાવાઓ પણ પરદેશ ખેડે છે: વેપાર કરવા નહિ પણ ભજન ગાઈને ભીખ માગવા! એ તો ઠીક, પણ હમણાં ભજન સાંભળવાનું ઠીક મળે છે. રાતના બાર ઉપર બે વાગ્યા સુધી ઝુકઝુકાટી બોલે છે. ખરેખર ભૂલી જવાય છે કે આ તે સ્ટીમર પર છીએ કે જમીન પર? ઘેર છીએ કે પરદેશને માર્ગે? બાવાજી સાથે માતાજી પણ છે.

: ૬ :

૬ : ૨ : ૨૮

વીજળીનું મશિન બગડ્યું હતું તેથી કાલે બે કલાક આખી આગબોટમાં અંધારું ઘોર રહ્યું. જાણે બધું કામકાજ અટકી પડ્યું.

આગબોટનું એંજિન જોઈ આવ્યો. આપણે ત્યાં મિલમાં ને બીજે સ્થળે એંજિનો આડાં હોય છે જ્યારે આગબોટની આગની કોઠીઓ અને એંજિનનાં બૉઇલરો ઊભાં હોય

---

મશીન = સંચો

છે. ઠેઠ તળિયે આ એંજિનો હોય છે. ત્યાં હવા લાવવા માટે ભૂંગળાં રાખેલાં હોય છે. ઉપરથી તેમાં હવા ભરાઈને નીચે આવે છે.

* * *

ગઈ રાત્રે 'જંગીસખાં' સામી મળી. ભૂંગળું થયું ને હું તો એકાએક જાગી ઊઠ્યો. દૂર સામેથી 'જંગીસખાં' આવતી હતી. હું તો સામે ને સામે જોઈ જ રહ્યો. મને થયું કે આ તે 'જંગીસખાં' કે દરિયા ઉપરની દેવી? એના ઉપર કેટલા ય દીવા હતા. જાણે કોઈ દેવી ગરબે રમવા નીકળી!

જ્યારે એ આગબોટો પાસેપાસેથી પસાર થઈ ત્યારે બંનેએ ભૂંગળાં વગાડ્યાં. એટલે કે બંનેએ એકબીજાને રામરામ કર્યા ને સારીકાની પૂછી.

'જંગીસખાં'ના ઉતારુઓ અમારી જેમ તૂતક પર એકઠા થયા હતા. પણ એ બહુ દૂર હતી ને બોલીએ તે સંભળાય તેમ ન હતું. તોપણ અમે વધારે તાણી તાણીને કહ્યું:

સારીકાની = ખુશીખબર

"એ હિંદુસ્તાનને ખુશખબર આપજો." "એ ભારત માતાને પગે લાગજો." "એ અમે ખુશીમાં; રામરામ, રામરામ!"

'જંગીસખાં' દૂર દૂર જવા લાગી. ક્યાંઈ સુધી અદશ્ય થતા દીવાનું તેજ સૌ જોઈ રહ્યા પછી અમે સૂતા.

મને રાત્રે પૂરી ઊંઘ ન આવી. ભાઈ, બેન મિત્રો, સ્નેહીઓ સૌ સાંભર્યાં. બધાં શું કરતાં હશે? મને સંભારી સંભારીને શું બોલતાં હશે? એમને મારા વિના ગમતું હશે?

* * *

વળી આજે એક બીજી આગબોટ અમારી પાસેથી પસાર થઈ. આજે દિવસ હતો એટલે દૂરબીનથી જોવાની ભારે મજા પડી. આગબોટ પર દૂરબીન બહુ કામનું છે. દૂર દૂર જોવાની ખૂબ મજા પડે છે.

* * *

ગઈ કાલ અને આજ જરા પણ ફુરસદ ન મળી. મારા જ પાડોશમાં એક સુતાર માંદો પડી ગયો છે. અચાનક કોણ જાણે શું

થયું ને સખત તાવ ચડ્યો. બિચારો હતો તો જુવાન અને મજબૂત, પણ દરિયા પર પહેલ-વહેલો હતો. તાવ આવ્યો ને થયું હશે: "હાય હાય! હવે શું થશે?" એ તો તાવમાં એક જ વાત બોલે: "હવે મારું શું થશે? હવે મારું શું થશે? એ....મને કોઈ ઘેર લઈ જાઓ એ....મને દેશ લઈ જાઓ.

અમે દસબાર હિંદીઓ દિવસરાત એકપગે એની પાસે બે દિવસથી બેઠા જ છીએ. આગ-બોટના દાકતરે પહેલાં તો આશા છોડી દીધી હતી પણ હવે કહે છે કે કંઈક આશા છે.

આજે હું સહેજ નવરો છું. આજે મને બે અક્ષરો ટપકાવી લેવાની ફુરસદ છે.

* * *

બે દિવસમાં એક બીજો બનાવ પણ બની ગયો. એક ખારવાની ઘરડી ડોશી ગુજરી ગઈ.

આ બાબતની મને પહેલવહેલી જ ખબર પડી કે આગબોટ ઉપર કોઈ ગુજરે ત્યારે શું થાય છે. ખારવો હિંદુ હતો. ડોશીના જમણા પગના અંગૂઠાને અગ્નિ અડાડ્યો ને પછી

ડોશીમાને દરિયામાં પધરાવ્યાં.

આગબોટના અમલદારો ત્યાં એકઠા થયા હતા. થોડી વાર શોકનો કાળો વાવટો ચડ્યો હતો. સૌ ગમગીનીમાં ઊભા રહ્યા અને ક્રેનથી ધીરે ધીરે માજીના છબને પાણીમાં ઉતાર્યું. અમે બધા "રામ બોલો, ભાઈ, રામ! રામ બોલો, ભાઈ, રામ!" બોલતા હતા.

ડોશીમા જળાશાયી થયાં ને અમારી આગબોટ ઘડીકમાં તો ક્યાંની ક્યાં નીકળી ગઈ!

* * *

આજે આકાશ ચોખ્ખું નથી. બધા વાતો કરે છે કે વખતે વરસાદ પડે. આજે મિત્રોને થોડાએક પત્રો લખી રાખ્યા છે. આગબોટ લામુ બંદરે થોભશે એટલે ત્યાંથી તે રવાના થશે. ટિકિટો તો લામુ ઊતર્યા પછી જ લેવાશે.

આવા પત્રો લખવાનો આ પહેલો જ પ્રસંગ છે. લખતાં ધરાતો જ નથી. બાને કાગળ લખતાં આંસુ આવે છે. હરજીવનભાઈને કાગળ લખતો જાઉં છું ને હસતો જાઉં છું. રામજી

ક્રેન = સામાન ચડાવવા ઉતારવાની ઊંટડી

ઉપર તો માત્ર વર્ણન જ લખું છું; એને એ બહુ ગમશે.

ગઈ કાલે પંજાબીઓ સામસામે લડ્યા; આખી આગબોટ ખળભળાવી મૂકી ને આગબોટના નિયમ પ્રમાણે શિક્ષા પણ ખમ્યા, તે વાત કાનજીને લખી જણાવી છે.

મારા દોસ્ત શંકરલાલ અહીં અમારા રાંધવાના ચૂલા કેવા પાસે પાસે છે, ને બધા સેળભેળ બની કેમ શાકરોટી બનાવી ખાય છે તે લખ્યું છે. એ છે સૂગાળવો તે ખૂબ ખિજાશે.

* * *

આજ સવારથી ધુમ્મસ વરસે છે. સૂર્ય દેખાતો નથી. ભૂરાં વાદળાં ક્યાંઈ નથી. દૂર કે નજીક દરિયાનાં પાણી નથી દેખાતાં આગબોટમાં પણ ભૂંગળું કે દોરડાં નથી દેખાતાં. માત્ર પાસે ઊભેલા માણસો જોઈ શકાય છે. આગબોટ તો ચાલી જ જાય છે. શાબાશ છે. એના કપ્તાનને! કાંઈ સૂઝે નહિ ત્યાં પણ હંકાર્યે જાય છે.

એમ તો ધુમ્મસ જોવાની ભારે મજા પડે

છે. ઘેર બેઠાં આવો અનુભવ ક્યાંથી મળવાનો હતો ? ખરેખર અદ્‌ભુત દેખાવ!

આઠ કલાકે ધુમ્મસ ઊડ્યું. પાછી હવા ખુશનુમા થઈ છે. તડકો તપ્યો છે. આકાશ ઊઘડ્યું છે. દરિયો ઊછળતો દેખાય છે. સૌ ચપળતાથી ફરે છે. બધું મજાનું લાગે છે.

* * *

પેનની શાહી ખૂટી ગઈ છે પણ નવી બાટલી હવે તો કિનારે જઈએ તો મળે. કોઈ મિત્ર પાસે શાહી નથી. હવે રોજનીશી પેન્સિલથી લખવી પડશે.

: ૭ :

૯ : ૨ : ૨૮

કાલનો દિવસ તો ભયંકર ગયો. કદાચ રોજનીશી લખવાપણું જ રહેત નહિ! બીક હતી તેમ વાદળાં ચડવા લાગ્યાં ને અંધારું થઈ ગયું. અચાનક મેઘગર્જના થઈને વરસાદ પડવા લાગ્યો. સાથે જ પવન નીકળ્યો. મોટાં જબરાં મોજાં ઊછળવા લાગ્યાં ને 'સોમાલી'

ડોળ લેવા લાગી. એવા ડોળ, એવા ડોળ કે ઊભું તો શું રહેવાય, પણ બેઠાંબેઠાં યે જગા-એથી આપણે ખસી જઈએ ! ને સરસામાન તો આમથી આમ દડે ને તેમથી તેમ દડે ! ખરે-ખર, ટ્રંકોને તો દોરડાંથી બાંધવી જ પડી હતી.

વરસાદ વધ્યો, તોફાન વધ્યું ને સ્થિતિ ગંભીર થઈ પડી ! કપ્તાન બહાદુર તો હતો; આટલા તોફાનમાં આગબોટને કાબૂમાં રાખી હાંક્યે જતો હતો. પણ શું એ તોફાન ! સુંદર સૂર્યોદય અને સૂર્યાસ્ત, ચોખ્ખું ભૂરું આકાશ, મજાનો તડકો, વિશાળ વિશાળ આકાશ જેવો દરિયો, એ બધું ક્યાંઈ ગુમ થયું હતું. મોટાં ડુંગરા જેવડાં મોજાં વચ્ચે આગબોટ ઊંચી થઈ નીચે પછડાતી હતી !

અને ઉતારુઓના જીવ તો મૂઠીમાં હતા. સૌ જગા પકડીને બેઠા હતા. ખાવું કે હરવું-ફરવું કોને સૂઝે ?

વરસાદ ન વાવાઝોડું શમતાં જ ન હતાં. જૂના સફરીઓ કહેતા હતા કે આવું તોફાન

ડોળ લેવા=હાલકલોલક થવું સફરી=મુસાફરી કરનાર

આ પહેલવહેલું જોયું. ગજબનું તોફાન!

એકબે વાર તો એવાં મોજાં આવ્યાં કે સ્ટીમર જાણે હમણાં ઊંધી વળશે. ને અમસ્થા પાણીના છંટકાવ તો વારેવારે થતા જ હતા.

અમને બધાને ફાળકામાં પૂર્યા હતા. માત્ર ખારવાઓ અને અમલદારોને જ ઉપર ફરવાની છૂટ હતી. છતાં પણ અમે પાંચદસ જણાએ સોંપે તે કામ કરવાની શરતે તૂતક ઉપર બહાર આવવાની રજા મેળવી હતી. ફાળકામાં તો વારે વારે રોકકળ થઈ ઊઠતી. 'હે ભગવાન!' ને 'યા અલ્લાહ!' ના પોકારો સંભળાતા હતા. ખાવુંપીવું તો સૂઝે જ શાનું? માથું ફરતું હતું ને જીવ ઊંડો ઊંડો જતો હતો.

પણ આજ સવારથી વાદળ વીંખાવા માંડ્યું, વા પડવા માંડ્યો ને દરિયાનો ઉકળાટ ઠંડો પડવા લાગ્યો. આજ બપોરના બાર ઉપર બે વાગ્યે ચોખ્ખો સૂરજ દેખાયો. અત્યારે ચાર વાગે આગળ જેમ જ આગબોટ રમતી ને નાચતીકૂદતી મહાસાગર પર ચાલી જાય છે.

---

ફાળકો=આગબોટમાં સામાન ભરવાનું ભંડક

આજે અમે બધા ખુશી ખુશી છીએ. આજે ઉજાણીનો દિવસ છે. આજે રાત્રે સાહેબલોકો નાચવાના છે; અમે બધા સત્યનારાયણની કથા બેસારવાના છીએ.

*  *  *

હવા સુંદર છે. સેચલ બેટ દૂરથી દેખાય છે. મુસાફરો એને શીકોતરો કહે છે. હવે જરા જરા વમળ લાગે છે. સ્ટીમર થોડા થોડા ડોળ ખાય છે. શીકોતરાનાં પાણી આકરાં કહેવાય છે પણ હમણાં જ તોફાન વટાવ્યું છે એટલે આ પાણી કોઈને હિસાબમાં લાગતાં નથી.

*  *  *

આજે દરિયાને પાણીએ નહાતાં નહાતાં સાબુ લગાડ્યો; અને જોઈ લ્યો મજા! બધા વાળ એવા ચોટી ગયા કે કેમે કરી છૂટા જ ન પડે! થોડું એક મીઠું પાણી લઈને નાહ્યો ત્યારે વાળ છૂટા પડ્યા!

પરમ દિવસ રાતનું આકાશ કદી નહિ

વમળ= ભમરી; ઘુમરી

ભુલાય. અનેક હીરા જડેલું આકાશ અદ્ભુત લાગતું હતું. એમ જ થતું હતું કે સ્વર્ગની દિવાળીના એ દીવાઓ હશે. ઘણા દિવસની વાદળાંવાળી રાત્રિ પછી આ દેખાવ થયો હતો. આગલી આખી ય રાત લગભગ મેં તૂતક પર પડ્યાં પડ્યાં તારાગણોને જ નીરખ્યા કર્યું.

*　　*　　*

આગબોટમાં આપણો દેશી હજામ રહે છે. મને થતું હતું કે ડોલતા આગબોટમાં અસ્ત્રો નહિ લાગી જતો હોય? અને તો તો ઠીક ચરકા પડે. પણ કાલે તો હજામત બહુ વધી હતી એટલે બેઠો. વાહ એની ખૂબી! જાણે જમીન પર બેસીને હજામત કરાવતા હોઈએ એમ જ! હજામને ખૂબ હિંમત અને આવડત આવી ગઈ હતી.

*　　*　　*

સેકન્ડ ક્લાસના એક યુરેઝિયન સાથે નવી દોસ્તી થઈ છે. આજે તેની કેબિનમાં ખુબ બેઠો હતો. તેની પાસેથી એક અંગ્રેજી નવલ-

કેબિન=ઓરડી

કથા લાવ્યો છું. એ ખૂબ ભલો માણસ છે.

* * *

આજે રોજનીશી ઠીક લખી, હજી ઘણું બાકી છે પણ હવે તો બસ. પેલા યુરેઝિયન દોસ્તદાર પાસે જવું છે. એ પાછો આગબોટ પરના હિંદી ભાઈઓની ગંદકીની, વહેમોની ને લડાલડીની વાતો કાઢશે, ને માથું ખાશે. એની વાતમાં સત્ય છે, પણ એ જો બહુ બહુ ઊછળીને બોલે તો મને ન ગમે.

: ૮ :

૯ : ૨ : ૨૮

આજે શાક દાઝી ગયું એટલે સવારના નાસ્તામાં પૂરી ને ચાથી ચલાવ્યું.

હમણાં અમારી ખાવાની ગોઠવણ આમ રાખી છે:—

સવારનો નાસ્તો : ચા, પૂરી ને શાક.

બપોરે ખાણું : ખીચડી ને શાક અથવા શીરો ને શાક વખતે ભજિયાં.

સાંજે નાસ્તો : ચા, મમરા, વખતે ઓસાવેવી સેવ અને પાપડ.

રાત્રે વાળુ : ચા, પૂરી ને શાક.

ચાર વખત ખાધા છતાં બીજે દિવસે સવારે ભૂખ સુંદર લાગે છે. અમે ચાર ભાઈબંધો ભેગા મળીને રાંધીએ છીએ. અમારું પોતાનું રસોડું જુદું ગોઠવ્યું છે. એક પાંચમો મિત્ર આખો દિવસ ચટણી બનાવે છે; ને એની બનાવેલી ચટણી અમે ચાર ટંકમાં ખલાસ કરીએ છીએ, એટલે રોજ રોજ નવી બને છે.

*　　　*　　　*

લામુ બંદર દૂરથી દેખાવા લાગ્યું છે. કહે છે કે ત્યાં ભાવનગરના વેપારીની એક જૂની કોઠી છે.

*　　　*　　　*

ગઈ કાલે અમે વજન કરાવ્યું હતું. આગબોટમાં જ હું આટલા દિવસમાં પાંચ રતલ વધ્યો. મને લાગે છે કે કિનારે ઊતરતાં ઊતરતાં પંદર રતલ વધીશ! હું તો ઉંદર મટીને ઘૂસ થઈ જઈશ!

*　　　*　　　*

કોઠી = વખાર; પેઢી

હવે હાથે હજામત આવડી ગઈ છે. નવરો પડું છું ત્યારે હથિયાર લઈને બેસું છું. પેલો દોસ્તદાર રોજ દાઢી વધેલી જોઈ હસતો હતો. તે હવે નથી હસતો.

બપોરનો વખત એની સાથે શેતરંજ રમવામાં કાઢું છું. સાંજે ડેક પર ફરવા જાઉં છું ને ગલપટો ગૂંથું છું. સૂર્ય આથમે છે ત્યાંથી તે તારા ઊગી જાય ત્યાં સુધી ઉપર જ રહું છું.

* * *

બે દિવસથી ઊડતી માછલીઓ દેખાય છે. આગબોટના મોઢા આગળ સેંકડો માછલીઓ ઊડે છે, ને ઊડી ઊડીને પાણીમાં પડે છે. કોઈ કોઈ માછલીઓ સ્ટીમર ઉપર આવી પડે છે; ને ખારવાને ઉપાડી જવાની મજા પડે છે. સ્ટીમરમાં ખારવો માછલી પકાવે છે ત્યાંની ગંધ બહુ ખરાબ આવે છે! મારું તો માથું ફાટી જાય છે.

* * *

બે પંજાબી મિત્રો થયા છે. તેઓ મોટા

ચૂલે પરોઠા બનાવે છે. અમને રોજ એકબે આપે છે; અમે તેમને શીરો આપીએ છીએ.

* *

કિનારાનાં પક્ષીઓ દરિયા ઉપર ઊડતાં જોવામાં આવ્યાં છે. હવે બેત્રણ દિવસમાં દરિયાનો કાંઠો આવશે.

* * *

મને તો થયું કે આફ્રિકા જાઉં છું તો ચાલ ને ત્યાંની ભાષા થોડીક જાણું! આજથી બપોરે બપોરે થોડા થોડા શબ્દો પણ શીખવા લાગ્યો છું; થોડાએક આવડી પણ ગયા છે.

| | |
|---|---|
| લેટે=લાવ | હિંજો=આવ |
| માજી=પાણી | હાપા=અંહીં |
| ખીલેલે=ગડબડ | ચુકુવા=લઈ જા |
| બાના=શેઠ | ઉપેસી=ઝટ |

આ ભાષાના શબ્દો શીખવાનું ગમે છે. મારો વિચાર છે કે કિનારે જઈને ભાષાનું વ્યાકરણ ખરીદી લઈશ અને ભાષા શીખીશ.

* * *

પરોઠા = બાટીઓ; ખાખરીઓ

આગબોટમાં નાનાં નાનાં બાળકો પણ છે. એક બાઈની સાથે છ મહિનાની દીકરી છે. રામશંકર મહેતાજી સાથે ત્રણ છોકરા ને એક છોકરી છે; મેં તેમની દોસ્તી કરી છે. કોઈ કોઈ વાર હું એમની સાથે ગંજીપો રમું છું.

આ નાનાં છોકરાંઓને સ્વાહીલી ભાષા આવડે છે. તેઓ બીજી વારનાં આફ્રિકા જાય છે. મેં તેમની પાસે સ્વાહીલી શીખવાનું શરૂ કર્યું છે. હું તેમને વાર્તા કહું છું ને તેઓ મને નવા નવા શબ્દો શીખવે છે. કાલે હું તેમની પાસે આટલા શબ્દો શીખ્યો :—

| | |
|---|---|
| શામ્બા = ખેતરવાડી | સિમ્બા = સિંહ |
| ન્ગમીયા = ઊંટ | કુન્ડા = ગધેડું |

* * *

આવતી કાલે મોમ્બાસા આવશે એટલે આજે કેટલાએક હિંદી ભાઈઓ સત્યનારાયણની કથા કરવાના છે; બધા સુખરૂપ કિનારે પહોં-ચીએ છીએ એટલા માટે. એક મહારાજ જડી આવ્યા છે, તેની પાસે સુભાગ્યે કથાની પોથી પણ છે. મહારાજ આફ્રિકામાં જજમાનવૃત્તિ

*   *   *

કરવા જાય છે. આપણે પણ ખરા છીએ!

હવે બંદર દેખાવાને અઢાર કલાક છે. ચાલો જરા પેટીને ગોઠવીને ઠીકઠાક કરીએ. સ્ટીમર ઉપર તો બધા બે દિવસથી તૈયાર થઈને બેઠા છે. કેટલાએક તો કિનારે ઊતરવાનાં કપડાં પણ પહેરી લીધાં છે.

*   *   *

રેલ્વેમાં વગર ટિકિટે મુસાફરી કરનારા જોયા છે. આજે ટિકિટ તપાસતાં બે જણા સ્ટીમર ઉપર પણ વગર ટિકિટના માલૂમ પડ્યા અજબ જેવું! તેઓને પાણીમાં કાંઈ ફેંકી દેવાય? હવે તો તેમને મોમ્બાસા જ ઉતારશે. બધા વાતો કરે છે કે ત્યાં તેમના ઉપર કોર્ટમાં કામ ચાલશે.

: ૯ :

૧૦ : ૨ : ૨૮

આજે આગબોટમાં આનંદ આનંદ છે. આજ સાંજે બંદર દેખાશે. ખારવાઓ દોડ-

ધામ કરી રહ્યા છે. ઉતારુઓ સરસામાન બાંધી રહ્યા છે. ચારેકોર હર્ષ અને ઉત્સાહ છે. હવે કિનારે ઊતરશું, હવે કિનારે ઊતરશું, એમ બધાને થઈ રહ્યું છે.

બપોર થયા છે. દૂર દૂર કિનારો દેખાય છે. સૌનાં મન રાજી રાજી છે. મને મનમાં થયું કે ફરી વાર એ. ભૂમિમાતા ! તને પગે પડું છું. ફરી વાર તારાં દર્શન કરું છું.

આગબોટ ધીમે ધીમે કિનારા તરફ ધસી જાય છે. આફ્રિકાનો કિનારો જાણે લીલોતરીનો બગીચો ! નાળિયેરીના વિશાળ રાનવાળા કિનારાઓ વચ્ચે આગબોટ ચાલે છે. આથમતા સૂરજનાં કિરણો પાણી પર પડે છે. મોમ્બાસા શહેર સામે આવતું જાય છે.

* * *

કિનારા પર સામા આવનારાઓ એકઠા થયેલ છે. હમણાં હવે લખવાનું બંધ કરવું પડશે. સરસામાન બધો ઉપર લઈ જવાનો છે એટલે બાકીની નોંધ હવે કિનારા પર જઈને લખી શકાશે.

: ૧૦ :

૧૨ : ૨ : ૨૮

કિનારે આવી ગયા. નાકમાંથી બોલાતી ને ન સમજાય તો ય મીઠી લાગતી સ્વાહીલી-માં સૌ બોલે છે. આગબોટ ઉપર સ્વાહીલી છોકરાઓ આવ્યા હતા. અમારો સામાન તેમણે ઉતાર્યો અને નાની હોડીઓમાં નાખ્યો.

અમારી દાકતરી તપાસ થઈ ને અમને કિનારે ઊતરવાની રજા મળી.

અમે કેટલાએક મોમ્બાસાના ઉતારુઓ સાથે ઊતર્યા અને આગળ જનારા કેટલાએક ભાઈઓ ત્યાં જ રહ્યા. જુદા પડવું અમને આકરું લાગ્યું. વારેવારે સલામ કરીને છૂટા પડ્યાં. કિનારે પહોંચ્યા ત્યાં સુધી રૂમાલો બતાવ્યા કર્યા.

ફરી વાર ભૂમિ ઉપર પગ મૂકતાં આનંદ આનંદ થયો. જાણે પોતાની માતાની ગોદમાં ફરી વાર આવ્યા !